સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૫

સલામી સવારની..

વર્ષોથી પિટાય ઢંઢેરા દળદર ક્યાં ફીટે છે?
બતાવે આસમાની તારલા સ્વપ્નાં હજૂ ખીંટે છે!
ઇંટે દે જવાબ, પથ્થરનો - પછી વીંટે વચનો -
કરવું ન કોઇને કંઇ, ખોટા ઢંઢેરા પીટે છે..
(પ્રજાને 'ઉલ્લુ' બનાવતી જાહેરાતો)

હાઈકુ

માટી પગનાં,
નાણાં કોથળી જોઇ -
લપસી પડે!
(- તરફેણમાં, બેસી ગયા)

આપણા ભોગ!
અંધોમાંથી કો'કાણો -
ચૂંટવો રહ્યો!!
(કોઇ ઓછો ખરાબ-શોધો!)

ચિંતન

દીનાં દીનમુખૈસ્તથૈ વ શિશુકૈરાકૃષ્ટજીર્ણામ્બરાં કોશાદ્ધિઃ ક્ષુધતૈર્નિરન્નવિધુરાં પશ્યેન્ન ચેદ્ગેહિનીમ્ ।
યાંચા ભંગભયેન ગદ્ગદ્ દગ ત્રુદ્યદ્વિલીનારં કો દેહીતિ વદેત્સ્વ દગ્ધજઠરસ્યાર્થે મનવી જનઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ-ઉદર ભરવાનો રોગ-(ભૂખ)નો આ શ્લોક છે :

ભૂખ્યાં અને ગરીબડાં જેવા બાળકો, માતા કે જેણે તદ્દન જીર્ણ વસ્ત્રો પહેર્યાં છે જે ખેંચતાં જ ફાટી જાય એવાં છે તેને ખેંચી ખેંચી રહ્યાં છે, અને એવી જેના ઘરમાં-ઝૂપડાંમાં અન્નનો એક દાણો પણ નથી એ સ્ત્રી પોતાનાં બાળકોને ભૂખથી બેહાલ થતાં જોઇ રહી છે, એવી સ્ત્રીનો પતિ-મનસ્વી જન-પોતાના નિષ્ફળ સંસારને જોઇ, હતાશાના ભયમાં - લોચા વાળતી જીભે-અસ્પષ્ટ વાણીમાં-કરગરી-ગદ્ગદ્ સ્વરે પોતાના બળેલા પેટ માટે 'આપો' શબ્દ લાચાર થઇને ન બોલે તો શું કરે?!

લૂંટારા-ચોર-ભિક્ષુકોનું સર્જન આપણે જ કરીએ છીએ. અસમતોલ સમાજ અસહિષ્ણુ સમાજ માત્રને માત્ર પોતાનો સ્વાર્થ સાધી માનવતા તરફ આંખ મિંચામણા કરે ત્યારે ન્યાય અને સત્યને દાબી દઇ 'શોષણ' કરવા લાગે ખેડૂતની જમીન છીનવી લે, વેપારી વ્યાજથી શોષણ કરે, ત્યારે દબાયેલા-કચડાયેલા સમાજની સહનશક્તિની હદ આવી જાય છે અને લૂંટ-ચોરી કે 'ભિખ'ને રવાડે ચડી જાય છે. કોઇ પણ સ્વમાની ભિક્ષા માટે ઇચ્છુક હોતો નથી. આ સમાજનો દોષ છે.

પત્ની-બાળકોનાં ભૂખની પરિસ્થિતિથી જ માનવી 'ભીખ' માગવા લાચાર બનાવે છે.

સુવિચાર

- બહેરો પતિ અને અંધ પત્નીનું વિવાહિત સદાય સુખમય રહે છે - લા ફાઉન્ટન
- જિંદગીમાં મોટી હુરબાની કરવાની તક-મોકો ભાગ્યે જ મળે છે, પરંતુ નાની નાની બાબતોમાં એકમેકને રાજી રાખવાની કલા જો દંપત્તિ શીખી લે તો દાંપત્ય જીવન સુખી થઇ જાય - જે. એમ. પાર્કિસ
- સુલક્ષણા પત્ની બારમાસી ફૂલ જેવી હોય છે તે સદા ખીલેલી જ રહે છે - મોલિયર
- પુરૂષોમાં પોતાના ચારિત્ર્યનો અભાવ હોવા છતાં તે પોતાની પત્નીનાં ઉત્તમ ચારિત્ર્યની અપેક્ષા રાખે છે - ફિલ્ડીંગ
- પતિને પ્રસન્ન રાખવાનો શ્રેષ્ઠ ઉપાય છે, તેને સદાય બધી બાબતોમાં ભ્રમમાં રાખવો, એ છે - ગ્રેંનવીલ
- પતિ-પત્ની, વાદ-વિવાદમાં, નાના-મોટા નિર્ણયોમાં અન્યોન્ય પર વિજય કરવા મથે છે, કંકાસ, મનદુઃખનું બીજ આમાં જ સમાયેલું છે - જેરોલ્ડ
- દરેક સ્ત્રી, પત્ની પોતાના પતિને ભોળો, મૂર્ખ અને બોલવાની આવડત વગરનો જ માને છે - એસ. ભટ્ટાચાર્ય

બોધ કથા

'ઓ માય ગોડ' જોયા પછી યુવાનોને તો ફાવતું મળી ગયું. નાસ્તિકતાને ભિસરણી મળી ગઇ. એમાં અંધશ્રધ્ધા ન રાખવા કહ્યું છે 'શ્રધ્ધા ન રાખો' એમ નહીં. તમારી દૃષ્ટિ હકારાત્મક હોવી જોઇએ. વાસ્તુશાસ્ત્ર નામે ઘરમાં આ મૂર્તિ ન રખાય - તાજમહલ ન રખાય - અરિસો ભાંગેલો નહીં, બેડરૂમમાં નહીં વગેરે -

..અને હોય તો પછી આપણા નકારાત્મક વિચારોની અસર જ આપણને ભયથી ભયભીત કરે હરાવે છે..

વૃધ્ધાનો પુત્ર વિદેશથી પાછો આવતો ન હતો. માજી પુત્રને મળવા વલવલતાં હતાં. ત્યાં ગામમાં બે પંડિત 'લક્ષણાશાસ્ત્રી' આવ્યા તમારી ક્રિયા-ચેષ્ટા પરથી અનુમાન કરી તમને તમારૂં ભાવિ કહી દે!

માજીએ બંને ઘરે બોલાવ્યા-પેલા અચાનક, જાણ કર્યા વિના જ આવ્યા. એવો એમનો નિયમ હતો, ત્યારે માજી તુલસીને પાણી રેડવા જતાં હતા, એમનો વેશ જોઇ હાથમાંથી માટીનો ઘડો છૂટી ગયો. તૂટી ગયો ને પાણી ધરતી પર ઢોળાઇ ગયું.

માજીએ બંનેને અલગ ખંડમાં બેસાડ્યા અને પુત્ર ક્યારે આવશે એમ પૂછ્યું.

એક કહે, અમે આવ્યા અને તમારો ઘડો છૂટી ગયો, તુલસીનું પાણી ઢોળાયું - એ અપશુકન કહેવાય, હવે તમારો પુત્ર પાછો આવવાની શક્યતા નહીવત્ છે.

બીજો પંડિત કહે, ધરતીને માટી-પાણીનું મિલન થઇ ગયું. તમારો પુત્ર હવે તરત તમને મળવા આવશે!

ખડકી વચ્ચેથી નીકળે ત્યારે ધરતી ધમધમી ઊઠતી, બબ્બે ડંગાલો સાથે ભરતા, જાણે ગાડી ઊપડી જવાની ન હોય, એવી ઉતાવળ, ઘર આખું એમનાથી થરથરે

માડીજાયા

- કેશુભાઈ દેસાઈ

અનુપમાને ઘરમાં બધાં અનુના ટૂંકા નામે બોલાવે છે. ઉંમર પાણીના રેલાની જેમ સરકી ગઇ અને અનુમાંથી એ અનુબા બની ગઇ, છતાં એનું હેયું તો હજી એ જ જૂની પુરાણી બાળપણની લીલીછમ્મ સ્મૃતિઓ ચગળતું રહે છે. એક દીકરો અર્થશાસ્ત્રનો પ્રોફેસર બની મહિને લાખ રૂપિયા જેવો માતબર પગાર મેળવે છે, એનાથી નાનો ગામ આખાની નેતાગીરી કરે છે. છાપાંમાં જાહેર ખબરો તથા સમાચારો મોકલે છે અને સારૂં કમિશન રળી લે છે. બેઉને ઘેર લીલી વાડી છે. છોકરા માબાપનો પડ્યો બોલ ઝીલે છે. આખા ઇડર પંથકમાં બેઉ ભાઇઓની સારી નામના છે. કાકા પિતરાઇઓ સાથે પણ મનમેળ છે. અડધી રાતે, પડતી બૂમે કોઇનું ટાંપું કરી છૂટવાની ભાવનાને લીધે અનુબાના બેઉ કંધોતર આખા સમાજમાં મોખરાના માણસો ગણાય છે.

ઘરે ગાડી છે, ગામમાં બબ્બે મકાન છે, ઘરવાળા હયાત છે - એમનું પણ દસેક હજાર જેવું પેન્શન આવે છે; પ્રોફેસર દીકરાએ તો શહેરમાં પણ બંગલો બંધાવ્યો છે. આમ જુઓ તો સુખ જ સુખ છે! પણ અનુબાને ઊંઘ વેરણ થઇ છે. જરીક એકલાં પડ્યાં કે આંખોમાં અષાઢ ઊમટે છે. ઘણી કોશિશ કરે છે. મન મનાવવા માટેની, પણ જીવ વળી વળીને દોઢ વરસ પહેલાંની એ ગોઝારી સાંજ વાગોળતા રહે છે નજર સામે હાજરાહજૂર ઊભો થઇ જાય છે એ સવા પાંચ હાથનો જાજરમાન મનખાદેવ... માથે ફાળિયું, ડિલ પર જૂનું સ્વેટર... છેલ્લાં વરસ દરમિયાન ધોતિયું તો ક્યાંક બહારગામ જવું પડતું - વહેવાર - તહેવારે - ત્યારે જ પહેરતાં. એ સિવાય આખો દિવસ નાનુએ પહેરી પહેરીને અંગેથી ઉતારી જુવાની જોઇ હતી : ખડકી વચ્ચેથી નીકળે ત્યારે ધરતી ધમધમી ઊઠતી. બબ્બે ડંગાલો સાથે ભરતા. જાણે ગાડી ઊપડી જવાની ન હોય, એવી ઉતાવળ. ઘર આખું એમનાથી થરથરે. માથા સમાણા મોટા દીકરાની કરડાકી નીતરતી આંખ સામે આંખ મેળવવા જતાં ખુદ બાપુ ડરતા હોય ત્યાં ભઇલાંનું તો શું ગજુ? શિલંગા વાઘ સામે એ તો જાણે ઉંદરડી જેવાં બે શુકન કહી શકે તો એકલાં બાઇ, જેમણે જિંદગીનાં છ-છ જણતરનો શુભારંભ આ પાટલીકુંવર જણીને કર્યો હતો. ઘી-દૂધની છાકમછોળ ઊડતી. આખુંય દૂઝણું છોને એના એકલાના ડોઝરમાં ઠલવાતું! ત્યારે દૂધ કોઇ વેચાઉ વસ્તુ નહોતી. ડેરીઓ તો હજી માંડ પચાસ વરસથી આવી છે. અનુબાને નહીં નહીં તોય ચુમોત્તેર થયાં અને જીવણજી જીવતા હશે તો જ્યાં હશે ત્યાં એમણે બ્યાશીમું બેસાડ્યું હશે... અભણ થોડા હતા? એ જમાનાની હાઇસ્કૂલ સુધી પહોંચ્યા હતા. કડકડાટ અંગ્રેજી છાપું ઉકેલતા! નોકરીઓ તો પગમાં આળોટતી હતી, પણ આ બંકો કોઇની સાહેબગીરી થોડી સહી શકે? એવી ગોલી ફૂટવા જાય કે મારી બલારાત. બાપીકી જમીન ક્યાં નથી? એ જમાનામાં પેલી ખેડૂતની બિરદાવલી પણ ખાસ્સી જાણીતી હતી : સુખ આયું છ તો ભોગવી લ્યો ને! ઘણાં ય દા'ડા હાડકાં તોડ્યાં; હવે ચૂપચાપ માયામાં મન રાખ્યા વના રામનું નામ લ્યો...

અનુબાને બરાબર યાદ છે : એક ચડ્યો ઘોડ્યે અવસર આવતા ગયા. જીવણજીએ એ શંખેપંખે, એકલપંડે પાર પાડી બતાવ્યા. પોતાનું તો કદી કશું વિચાર્યું જ નહીં! બૈરૂં આધાપલિત મળ્યું. વાડેથી ઝઘડા વહોરતું ફરતું. જીવણજીનો સ્વભાવ આકરો. કજિયો કરે ત્યારે સીધો જ બૂધે વહેવાર. અનુ વચમાં પડે તો એનેય પરસાદી મળી જાય. એવા સળગતા ઘરસંસારમાં વળી ભગવાને સામું જોયું પણ ત્યાં જ સંસારના નામે મીંડું વળી ગયું. બાલુના જનમ પછી બે મનેખ વચ્ચે અડવા આભડવાનો તો દૂર, બોલવાનોય વહેવાર નહોતો રહ્યો, જીવણજી છતે બૈરે તપેશરી થઇ ગયા. છોકરૂં સાત સવાઇનું, પણ એને માના ખોળાનાં લાડ ન મળ્યાં, એ બાપનો તાપ જીરવતું રહ્યું અને થતાં મોટું તો થઇ ગયું પણ બાપ માટે કે કુટુંબ માટે કશા કામનું ન રહ્યું. કોઇના કીધામાં ન જ રહ્યું. જાણે આભલેથી પડ્યો ને ધરતીએ ઝીલ્યો : કોઇની સાથે નાહવા - નીચોવાનો સંબંધ જ નહીં!

રે ખેડૂત, તું ખરે જગતનો તાત ગણાયો... ધાર્યું હોત તો એ ફોજદાર થઇ શક્યા હોત. અઢળક કમાણી કરી શકયા હોત. માસ્તર થયા હોત તોય સુખેથી છાંયડે બેસી પેન્શન રળતા હોત. એમણે કાળી મજૂરીવાળો કડવો વિકલ્પ સ્વીકાર્યો : મારી ઇકોતેર પેઢીઓ આ જમીનમાં પોષાણી, તો મારૂં પૂરૂં નહીં થાય - એના તે શા ભાર પડ્યા છે! જમીન તો માર છે, એનાં અમિયલ ધાવણ કોઇ કાળે સુકાતાં નથી. નોકરી આખરે નોકરી - ના કરી હોય ત્યાં સુધી સારી લાગે. એની લટકતી તલવાર માથે ઝળૂંબતી રાખી અધ્ધર જીવે જીવવા કરતાં બાપી કી જાગીરમાં મજૂરી કરીને વટથી ન જીવીએ!

અનુબાને એ ઝુઝારૂ બંધવાની ઝાકમઝોળ જુવાની સાંભરે છે ત્યારે ઘડીક ડૂમો બાઝી જાય છે. રાત નહોતી જોઇ, દહાડો નહોતો જોયો. ખેતરના ચાસે ચાસ પરસેવો રેલાવ્યો હતો એ જીવે. બાપુને છાકોટો કરીને શેઢે ધકેલી મેલ્યા હતા : હવે તમારે હળની મૂઠને અડકવાનું નથી. છાનામાના ભગવાનનું નામ લો અને આગલો ભવ સુધારો. ડોસામાં હજી પણ કાઠપણ હતું, ધારે તો પાંચ મણન ભોંય આરામથી ખેડી શકે એમ હતા. શ્રવણ દીકરો કામ કરવા દે ત્યારેને!

એણે એકલા હાથે ઘર આખાનો ભાર ઉપાડી લીધો. અલબત્ત ભઇલાં એનો પડ્યો બોલ ઝીલવા દોડી પડતાં. મજૂરી તો અનુ પણ ક્યાં નહોતી કરતી? કાયાના કટકા કરી નાખતી પણ એનો માથે જવાબદારી થોડી હતી? વહેવાર કેમ ચાલે, ગામમાં અને સમાજમાં બાંધી મૂઠીનો 'ભરમ' શી રીતે સચવાય, એની ફિકર તો એકલા જીવણજીના શિરે હતી. બાપુએ શરણાગતિ સ્વીકારી લીધી હતી, ઉપરવાળા જીવણજીની તો ખરી જ, અહીં ઘરના જીવણજીનીય જોહુકમી માથે ચડાવીને માળા લઇ લીધી હતી. સામે ચાલીને રિટાયર કરતો હોય તો નાહક શું કામ હાય વોય કરવી? ડોશીએ ડોસાને સમજાવી લીધા હતા: સુખ આયું છ તો ભોગવી લ્યો ને! ઘણાય દા'ડા હાડકાં તોડ્યાં, હવે ચૂપચાપ માયામાં મન રાખ્યા વના રામનું નામ લ્યો...

અનુબાને બરાબર યાદ છે : એક પછી ચડ્યે ઘોડ્યે અવસર આવતા ગયા. જીવણજીએ એ શંખેપંખે, એકલપંડે પાર પાડી બતાવ્યા. પોતાનું તો કદી કશું વિચાર્યું જ નહીં! બૈરૂં આધાપલિત મળ્યું. વાડેથી ઝઘડા વહેરતું ફરતું. જીવણજીનો સ્વભાવ આ કરો. કજિયો કરે ત્યારે સીધો જ બૂધે વહેવાર. અનુ વચમાં પડે તો એનેય પરસાદી મળી જાય. એવા સળગતા ઘર સંસારમાં વળી ભગવાને સામું જોયું. પણ ત્યાં જ સંસારના નામે મીંડું વળી ગયું. બાલુના જનમ પછી બે મનેખ વચ્ચે અડવા આભડવાનો તો દૂર, બોલવાનોય વહેવાર નહોતો રહ્યો. જીવણજી છતે બૈરે તપેશરી થઇ ગયા. છોકરૂં સાત સવાઇનું, પણ એને માના ખોળાનાં લાડ ન મળ્યાં. એ બાપનો તાપ જીરવતું રહ્યું અને થતાં મોટું તો થઇ ગયું પણ બાપ માટે કે કુંટબ માટે કશા કામનું ન રહ્યું. કોઇના કીધામાં જન રહ્યું. જાણે આભલેથી પડ્યો ને ધરતીએ ઝીલ્યો કોઇની સાથે નાહવા-નીચોવાનો સંબંધ જ નહીં! અનુબા મણ મણના નિસાસા મૂકે છે: શી જાહોજલાલી હતી ને આજે શી દશા આવી ગઇ! આખા દોતોરનું સરનંબરનું ઘર આજે વન વન ને પન પન થઇ ગયું. પંખી તો પાંથો આવતાંની સાથે ફરૂરૂરૂ ફટ કરતાંક ઊડી ગયાં. નાનુ દાકતર થયો, શહેરમાં રહેવા લાગ્યો. એને પેટે પ્રજા નહીં, એટલે માયામાં ઝાઝો રસ નહીં. છતાં આવ્યો અવસર સાચવી લેતાં બેઉ માણસ. થોડો લાગણીવાળો, એટલે એ વરસના વચલા દહાડે મોટાની ખબર કાઢી આવતો. પણ પેટનો જણ્યો તો... ડોસાનો કોગળો કરવાય ના ડોકાયો. લોક કહે છે: બહુ મોટો સાહેબ બની ગયો છે. આપણે એની સાયબીમાં થોડો ભાગ પડાવવાનાં હતાં? વાર- તહેવાર સાચવતો હોય તો કેવું સારું લાગે! પણ સગા બાપનો ન થયો, સગી જનેતાનો ન થયો; અરે, એની પરણેતરનોય ન થયો એ તો વળી આપણો થોડો થવાનો હતો?

આ તો ઠાલો વલોપાત. અનુબાને ખબર છે કે જે ધણીએ ધાર્યું હશે એ થઇને રહેશે. એમાં આપણા વલોપાતથી રજ માત્ર ફેર પડવાનો નથી. છતાં બાપના ઘરની માયા થોડી છૂટે એમ હતી?

એ સાંજે કોણ જાણે કેવી પળ ભજી ગઇ! ગયાં તો હતાં ભાઇની સાથે સુખદુખની વાતો કરવા. રાત રોકાવાનું મન હતું. પણ જીવણજીએ તો જોતાંની હારે કૂતરાં મેલ્યાં!

'તમારે શું છે અહીં? શું કામ વળી વળઇને આવો છો મારું લોહી પીવા?' એ દુર્વાસાની જેમ અંગારા વરસાવી રહ્યા હતા. 'આખા ઘરનું ધનોતપનોત નીકળી ગયું : જ્યાં દહાડો ઊગ્યે દસવીસ ખાસડાં ઊતરતાં, એ જગ્યામાં આજે કાળું કૂતરૂં ય ઊંભું રહેવા તૈયાર નથી... કોણ જાણે કોનાં પાપ આડાં આવ્યાં...' એમણે ગજવામાંથી કાઢીને એક કાગળિયું ધર્યું! 'બોલો, મારે આનો શો જવાબ આપવો?'

'શેનો કાગળ છે? કોઇ સરકારી લફરૂં છે?' અનુબાએ સહજ ભાવે પૂછ્યું ત્યાં એ બમણાં જોરથી તાડૂક્યા. 'ના, પુતરની નોટીસ છે! કહે છે : આ તો મારા બાપદાદાની મિલકત છે. હું સીધી લીટીનો વારસ છું. મેં સાંભળ્યું છે કે તમે જમીન ધર્માદા કરી દેવાના છો, તમારા નાનાભાઇની સલાહ મુજબ. સાંભળી લો, એમનું તો નિર્વશ ગયું છે, પણ મારે તો પાછળ ખાનાર છે...'

અનુબા ઊકળી ઊઠ્યાં : 'એ ગધાડું તમને નોટીસ આલનારો કોણ? તમે બે ભાઇ છો, બાપુના નામે જે પુણ્યદાન કરવા માગતા હો એમાં વચ્ચે જીભ હલાવવાનો કોઇને હક નથી.'

અનુબા તો કલાક - બે કલાક રોકાઇને પાછાં વળી ગયાં હતાં પણ અઠવાડિયા પછી પાડોશીએ ફોન કરીને સમાચાર આપ્યા હતા કે ભા તો પહેરે લૂગડે મલકમાં જતા રહ્યા છે! ત્રણ દહાડા થયા, હજી પાછા નથી વળ્યા...

ત્રણ દહાડા થયા, ત્રણ મહિના થયા, કાલે ત્રણ વરસ પણ થઇ જશે. વાએ ભાંગી ગયેલાં અનુબાનું મન પણ નંદવાઇ ગયું છે. દર ભાઇબીજે અચૂક આંગણે આવીને ઊભા રહેતા માડીના જાયા કોણ જાણે ક્યારે પાછા વળશે! સવાલ એ છે કે અનુબાની આખર ઘડી સુધીમાંય એમની હયાતીના ખત ખબર મળશે ખરા? અનુબા રોજ કાગડો બોલે એની વાટ જોયા કરે છે...

ઉત્તમ વક્તા પોતાના વક્તવ્યમાં આ સાતેય મેઘધનુષી રંગોને સમાવી શકવાની ક્ષમતા ધરાવતો હોવો જોઇએ

વક્તા, વક્તવ્ય અને સચ્ચાઇ...

- ભદ્રાયુ વછરાજાની

બહુ બોલે છે લોકો આજકાલ.

જરૂર હોય કે ન હોય. બોલે છે સૌ.

ફર્ક પડે કે ન પડે, અસર ઊભી થાય કે ન થાય, બોલ્યા જ કરવાનું!!

'બોલવું' એ આમ તો કુદરતી દેણ છે... પણ 'કેમ બોલવું' એ આપણી નીપજ છે. બાળક જન્મે પછી ક્રમબધ્ધ બનતી ચાર ઘટનાઓ છે : દર્શન, શ્રવણ, કથન, લેખન. પહેલાં જોવાનું સાથોસાથ સાંભળવનું, આ બંને સહજતાથી થાય છે. વધુ પડતી આંતરિક 'મથામણ' અને થોડી બહારથી 'મદદથી' બાળક બોલતાં શીખે અને છેલ્લે ઘડાય લેખ કૌશલ્ય.

આમ જુઓ તો વાણીના કે શબ્દબ્રહ્મના પ્રાકટ્યનાં આ ચાર દ્વાર છે. દર્શન અને શ્રવણ, પ્રચ્છન્ન, તો કથન અને લેકન પ્રગટ અને પ્રભાવી... ભારતીય દર્શનશાસ્ત્ર વાણીનાં ચાર સ્તર ગણાવે છે :

(૧) વૈખરી (બોલનારી)
(૨) મધ્યમા (વિચારનારી)
(૩) પશ્યંતિ (નિહાળનારી)
(૪) પરા (બધાંથી અલિપ્ત)

... આ ચાર સ્તરોમાંથી વધુમાં વધુ જે સ્તરનો 'ઉપયોગ' થાય અને કહો ને કે 'વપરાશ' થાય છે તે વેખરી... બોલનારી... સતત બોલો - જોશથી બોલો - જરૂર હોય કે ન હોય તેમ છતાં બોલો - ભારપૂર્વક બોલો - રોષ આક્રોશથી બોલો - સાંભળનાર પર છવાય જાય એમ બોલો - હાવભઆવ અને આરોહ અવરોહથી બોલો - જરૂર છે કે બિનજરૂરી? પ્રસ્તુત છે કે અપ્રસ્તુત? એવું કશું વિચાર્યા વગર બોલો... પણ બોલો અને બસ, બોલો... કારણ બોલકાની બોલબાલા છે. અત્યારે. બોલે તેના ઢળિયાં પણ વેંચાઇ છે આજે!!!

પ્રશ્ન એ છે કે આને વક્તવ્ય કહેવાય? અને આમ બોલનારને વક્તા કહેવાય. 'જે કંઇ' બોલાઇ તેને આપણે 'વક્તવ્ય' કહેવા ટેવાયેલા છીએ... અને 'જે કોઇ' ઊભા થઇ / વ્યાપીઠ પરથી બોલ્યા કરે અને આપણે 'વક્તા' કહેવા ટેવાયા છીએ... પણ ના જી, આ વાત સાચી નથી. બધું બોલાય તે 'વક્તવ્ય' નથી. બધા બોલે તે 'વક્તા' નથી... કેમ, કેમ... આવું આત્યંતિક કેમ? થોડું ઊંડાણથી સમજીએ.

બોલવા માટે શબ્દો જોઇએ શબ્દો માટે વિચાર જોઇએ - વિચાર માટે સમજ જોઇએ - સમજ માટે વાચન, મનન જોઇએ - મનન માટે જ્ઞાન જોઇએ... આ જ્ઞાન આવે ક્યાંથી? જ્ઞાનપ્રક્રિયાના ચાર આધારસ્તંભો : માન્યતા (બિલીફ), અભિપ્રાય (ઑપિનિયન), સમજ (અન્ડરસ્ટેન્ડિંગ) અને બુધ્ધિ (ઇન્ટેલિજન્સ)...

(૧) બોલાતો શબ્દ ક્યાંથી આવે છે? માન્યતા કે અભિપ્રાયામાંથી માત્ર? જો હા, તો વક્તવ્ય અને વક્તાનું સ્તર નિમ્ન છે...!

(૨) બોલાતો શબ્દ ક્યાં આવે છે? સમજમાંથી? જો હા, તો વક્તવ્ય અને વક્તાનું સ્તર મધ્યમ છે...

(૩) બોલાતો શબ્દ ક્યાંથી આવે છે? બુધ્ધિમાંથી? જો હા, તો વક્તવ્ય અને વક્તાનું સ્તર ઉત્તમ છે!

...આ ત્રણ કેટેગરીમાં વહેંચીને મૂલ્યાંકન કરીએ. વક્તાનું એટલે જવાબ મળી જશે...

જેમ બોલવા માટે આગળ કહ્યું તેમ જ્ઞાનપ્રક્રિયાના આધારસ્તંભો જાણવા પડે, એમ જ એ જ્ઞાન સ્રોત (સોર્સ) પણ જાણવા પડે. જ્ઞાન ક્યાંથી મળે?

(૧) જ્ઞાન 'શાસ્ત્ર'માંથી મળે.
(૨) જ્ઞાન 'સંસ્કૃતિ'માંથી મળે.
(૩) જ્ઞાન 'સામાન્ય સમજ'માંથી પણ મળે.
(૪) જ્ઞાન 'જાગતિક અનુભવ'માંથી મળે.
(૫) જ્ઞાન 'જીવનકાર્ય'માંથી મળે.
(૬) જ્ઞાન 'આંતરિક સૂઝ'માંથી મળે.

(૭) જ્ઞાન 'બુધ્ધિ' દ્વારા પણ મળે... આ સાતેય સ્રોતમાંથી સાત પ્રકારના 'વક્તા' પ્રાપ્ત થાય... સમજૂતી લંબાય જાય એટલે એનાં વિવરણમા નથી પડતો... પણ ઉત્તમ વક્તા પોતાના વક્તવ્યમાં આ સાતેય મેઘધનુષી રંગોને સમાવી શકવાની ક્ષમતા ધરાવતો હોવો જોઇએ.

ઉત્તમ વક્તા પોતાના વક્તવ્યમાં વિષયનું કે મુદ્દાનું વિવરણ એવી રીતે કરે કે એમાં 'અવલોકન' પણ હોય, 'સમીક્ષા' પણ હોય અને 'વિવેચન' પણ હોય. 'અવલોકન'માં વક્તા સંક્ષિપ્ત અને પરિચયાત્મક વાત કરે, 'સમીક્ષા'માં વક્તા વિષયનાં ઊંડાણ સાથે આરંભથી અંતને જોડી દેનારી વાત કરે અને 'વિવેચન'માં વક્તા સર્વગ્રાહી અભ્યાસભર નોંધ મુકતા જાય! ...તમે ભારતના અડીખમ નેતા અને પ્રખર રાજનીતિજ્ઞ શ્રી અટલબિહારી વાજયેપીજીને સાંભળ્યા છે? ...માત્ર અટલજીનું નામ સાંભળીને નહીં પણ તેમના વક્તવ્યની મોહિનીથી ખેંચાય આવેલી હકડેઢઢ મેદનીવાળા જાહેરસભા હોય કે સંસદના બંને ગૃહોમાં વડાપ્રધાન તરીકેના મુદ્દા આધારિત વક્તવ્ય માણતું સાંસદોનું જૂથ હોય... અટલજી પોતાની વાતનીમાં અવલોકન - સમીક્ષા - વિવેચનમાં ક્યારે સરકી જાય કોઇને ખબર ન પડે! ...તેમની વાત બુધ્ધિને ય ગમે અને હૃદયને સ્પર્શે.... તેમાં વિવરણ પણ હોય અને લાઘવ પણ... તેમાં ટીકા ઓછી ને વ્યંગ ઝાઝો હોય, તેમાં પ્રભાવ ઓછો ને પ્રતિભા ઝાઝી હોય, તેમાં શબ્દોની રમત ઓછી ને દિલની વાણી ઝાઝી હોય... અટલજીથી તેનું વક્તવ્ય ઊજળું લાગતું, ક્યારેય તેનાં વક્તવ્યમાં અટલજીનો પ્રભાવ કે પ્રતિષ્ઠા ઝાંખા કર્યા નથી... અટલજી સર્વાંગ સંપૂર્ણ ઉત્તમોત્તમ વક્તા ગણાય...

'જેને શું બોલવું તેનાં કરતાં શું ન બોલવું' તેની ચાયત છે અને 'જેને ક્યારે બોલવું એનાં કરતાં ક્યારે ન બોલવું તેની પાક્કી સભાનતા છે તે ઉત્તમ વક્તા છે. વક્તા બોલે તેનાં કરતાં વધુ મોટેથી વક્તાનાં શરીરની ભાષા બોલતી હોય છે. મહાત્મા ગાંધી પ્રભાવક વક્તા ન હતા, છતાં તેમના દ્વારા બોલાયેલા પ્રત્યેક શબ્દમાંથી ડોકાતી સચ્ચાઇએ તેમની વક્તવ્ય પછીની અસરને પ્રગાઢ કરી છે. ઓછામાં ઓછું બોલીને જેણે દેશને સ્વાતંત્ર્યની લડતમાં દોડતો કર્યો તે ગાંધી, અઠવાડિયામાં એક વાર ભાત પોતે ન ખાય એવું ટૂકું કહીને જેણે દેશને આખાને ઉપવાસની પ્રેરણા આપી તે વામન કદના વિરાટ નેતા શાસ્ત્રીજી... ગાંધી અને શાસ્ત્રી, બંનેની પર્સનાલિટી શું, વેશસજ્જા શું, બૉડી લેંગ્વેજ શું, મોડ્યુલેશન અને મેનેરિઝમ શું, સ્પીચ શું...? છતાં તેમનાં ઓછાં અને ધીમેથી બોલાયેલાં શબ્દોનો પ્રભાવ કેવો...!!! ન બોલાયેલા શબ્દોની પ્રજા વધુ પ્રભાવિત થાય છે, એવું તારણ કાઢવા પ્રેરે તેવી બે મહાકાય વિભૂતિઓ... હૃદયના ભાવ અને વિચારની નક્કરતા પાસે શબ્દો વામણા લાગે તેવું પુરવાર કરે તેવા એ ધૂરંધર વક્તાઓ!'

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

ડમી ડિસેમ્બર

- જર્મનીના સંસ્કૃત સાહિત્યનાં પંડિત મેક્સ મ્યુલરની જન્મતિથિ ૬-૧૨-૧૮૨૩. ઋગ્વેદના ઊંડા અભ્યાસી પ્રાચીન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ, ધર્મના વિજ્ઞાનનો પરિચય, પૂર્વના પવિત્ર ધર્મશાસ્ત્રો, જેવા અનેક ગ્રંથોના સર્જક ભારતીય સંસ્કૃતિના ચાહક, પ્રાચીન વિદ્યાના ઊંડા સંશોધક.

- દલિતોધ્ધારક, સ્વતંત્ર્ય ભારતના રાજ્ય બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરની પુણ્યતિથિ - ૧૯૫૬.

દલિતો-પીડિતોના આર્થિક-સામાજિક ઉધ્ધાર અર્થે જે ક્રાંતિના બીજ વાવ્યા તેનું સારૂં ફળ આજે જોવા મળે છે.

- ૧૯૨૯ - તુર્કીમાં સ્ત્રીઓને મતાધિકાર મળ્યો.
- ૭૦૫ - જરસ્થોસ્તીઓ ઇરાનથી હિન્દના સંજાણ બંદરે ઊતર્યા.
- ૧૭૩૨ - હિન્દમાં સનદી નોકરીનો પાયો નાંખનારા વોરન હેસ્ટિંગ્સનો જન્મ.
- એલ્યુમિનિયમ ઉદ્યોગનાં પિતા ચાર્લ્સ માર્ટિન કોલનો જન્મ, અમેરિકાના ઓડિયો થોમ્સ ખાતે - ૧૮૬૩.
- ૧૯૭૫ - જાણીતા પાર્શ્વ ગાયક સી.એચ. આત્માનું અવસાન.
- ૧૯૯૨ - અયોધ્યાની બાબરી મસ્જિદના ઘૂમ્મટો તૂટ્યાં.

તમે કેટલી વાર જૂઠું બોલ્યા એનો સ્કોર નોંધવાનું કામ તમારી હોજરી કરે છે, આખરે તમે માણસ છો, જાનવર નથી

સાચું બોલો... સાજા રહો

- ગુણવંત શાહ

તમે જો એમ માનતા હો કે તે જુઠું બોલો છો એની તમને પણ ખબર નથી તો તમે વાતે વાતે જુઠું બોલો છો એની લોકોને ખબર નથી તો તમે નાદાન છો. વારંવાર જૂઠું બોલવાનથી શું લાભ? પહેલો લાભ એ કે તમને તમારી જાત પ્રત્યે આદર નથી રહેતો. બીજો લાભ એ કે બીજા લોકોને તમારા પ્રત્યે આદર નથી રહેતો. શું આવું બને તે લાભ ગણાય?

તમારી ગેરહાજરીમાં મિત્રો કે સ્વજનો તમને જૂઠા, બેઇમાન કે લફંગા તરીકે ઓળખાવે તો તમે જૂઠું બોલીને શું મેળવ્યું? આવું લેબલ લાગી જાય પછી એક દુર્ઘટના બને છે. તમે ક્યારેય ગળે આંગળી અડાડીને કહો તોય તમારી સાચી વાત માનવા કોઇ તૈયાર નથી થતું. તમારી હલકી છાપ તમારી પત્નીને, તમારાં સંતાનોને અને તમારા મિત્રોનો નિચાજોણું કરાવનારી બની રહે છે. ટૂંકમાં, તમે એ બધાં માટે બોજ બનીને જીવી ખાવ છો. યહ જીના ભી કોઇ જીના હૈ લલ્લું?

તમે જો એમ માનતા હો કે તમે જૂઠું બોલો અને વારંવાર જૂઠું બોલો એની તમારી તબિયત પર કોઇ જ અસર નથી પડતી તો તમે મૂર્ખ છો. તમે કેટલી વાર જૂઠું બોલ્યા એનો સ્કોર નોંધવાનું કામ તમારી હોજરી કરે છે. આખરે તમે માણસ છો, જાનવર નથી. જયારે પણ તે જુઠું બોલો ત્યારે મનમાં એક ખટકો પેદા થાય છે અને મિસ હોજરી આવા ખટકાની નોંધ લે છે.

મનનો ખટકો તમારી હોજરીને પહોંચે છે. લાંબે ગાળે આવા અસંખ્ય ખટકાની ભેગી